# અક્કલ બડી કે ભેંસ ?

– સંકલિત



આપણામાં એક કહેવત છે, 'અક્કલ બડી કે ભેંસ ?' આ કહેવત માત્ર આપણામાં જ બોલાય છે. હિંદી-ઉર્દૂમાં એ નથી. રાજસ્થાની ભાષામાં આ કહેવત છે. અક્કલ બડી કે ભેંસ. પણ કહેવતનું મૂળ ગુજરાતી કહેવત જ છે.

આપણી આ કહેવત, 'અક્કલ બડી કે ભેંસ ?' એ શુદ્ધ રૂપની કહેવત નથી. હિંદી-ઉર્દૂમાં એક કહેવત છે. આ કહેવત 'અક્કલ બડી કિ બહસ ?' એટલે કે તર્ક કરતાં બુદ્ધિથી કામ લેવું હિતકર છે. વાતને સમજવી સારી છે. ખોટો વિવાદ કે તકરાર કરવી સારી નથી.

આ કહેવતનું વિકૃત રૂપ તે જ આપણી ગુજરાતી કહેવત 'અક્કલ બડી કે ભેંસ ?' એનો મૂળ અર્થ એ થઈ શકે કે પશુબળથી બુદ્ધિબળ જ શ્રેષ્ઠ છે. પશુ કરતાં પણ બુદ્ધિ ચઢે, કઈ રીતે ? તે આપણી આ કહેવત 'અક્કલ બડી કે ભેંસ ?'ની વાર્તાએ સારી રીતે સમજાવ્યું છે.

કોઈ એક રાજવી એક દિન શિકારે નીકળ્યો. શિકારની શોધમાં ને શોધમાં તેને ઘણું રખડવું પડ્યું. પણ શિકાર હાથમાં ન આવ્યો. એટલામાં એક હરણ રાજાના જોવામાં આવ્યું. રાજાએ

પોતાનો અશ્વ તેની પાછળ દોડાવી દીધો.

પણ હરણ ચપળ નીકળ્યું. તેણે રાજાનું નિશાન ચુકાવ્યું અને તે ક્યાંક કોતરમાં લપાઈ-છુપાઈ ગયું.

રાજા થાકીને લોથ થઈ ગયો. એક તો શિકારની નિષ્ફળતા ને બીજું ભરઉનાળાનો બપોર. તાપ સખત પડી રહ્યો હતો. લૂ વરસતી હતી એમ કહીએ તોપણ ચાલે. નિર્જન પ્રદેશ હતો. પવનનું નામનિશાન પણ નહોતું. રાજા ભૂખ-થાક અને તરસથી અકળાઈ ગયો. એ એક ઝાડ નીચે બેસી ગયો.

આ જ અરસામાં એક પટેલના બે છોકરાઓ ક્યાંકથી આવી ચઢ્યા. રાજાએ તેમને આજીજી કરી, 'છોકરાઓ ! તરસથી મારો જીવ જાય છે. ક્યાંકથી પાણી લઈ આવો...'

રાજાની વિનંતીથી પટેલના છોકરાઓ એક સ્થળે ગયા. અહીં ભોંયકૂવો હતો. દોરી-લોટો તો તેમના ગજવામાં હતો જ એ કાઢીને તેમણે કૂવામાંથી પાણી કાઢ્યું અને લોટો ભરીને પાણી લઈ આવ્યા.

રાજાએ પેટ ભરીને પાણી પીધું. હાથ-મુખ પણ ધોયાં. શરીરમાં હળવાશ આવી. મન જરા પ્રફુલ્લ થયું. નવું જીવન મળ્યું હોય તેવું લાગ્યું.

તેણે છોકરાઓને કહ્યું : 'હું પાસેના ગામનો રાજા છું. તમે મને જીવતદાન આપ્યું છે એટલે હું તમારા પર પ્રસન્ન છું. તમારી ઈચ્છામાં આવે તે માંગી લ્યો.

પટેલના છોકરાઓ તો ખુશ થઈ ગયા. આ માણસ તો રાજા છે એ જાણતાં જ બંને છોકરાઓનાં મન રાજીનાં રેડ થઈ ગયાં. મોટાએ કહી દીધું, 'બાપુ ! આપ જો મારા પર પ્રસન્ન થયા હોવ તો મને એક મોટી-બળી-ખૂબ દૂધ આપતી ભેંસ આપો. હું એના દૂધથી મારું દુ:ખ-દળદર ફેડીશ...'

રાજાએ કહ્યું, 'અલ્યા, આ શું માંગે છે ? કંઈ મહેલ-વાડી-જાગીર માંગી લે ને ?'

'ના બાપા ! અમારા પટેલને આંગણે તો ભેંસ જ શોભે. મારી પાસે ભેંસ નથી. એ આપો એટલે બસ...'

રાજાએ નાના છોકરાને પૂછ્યું, 'અલ્યા, તારે શું જોઈએ છે.'

'મારે અક્કલ જોઈએ છે !'

'મને બુદ્ધિ નથી. મારે અક્કલ જોઈએ છે.'

રાજા પ્રસન્ન થયો. 'આ છોકરો સમજુ લાગે છે. એનામાં અભ્યાસ-ભણતરની તમન્ના છે.' તો પણ તેણે એને ચકાસવા પુનઃ પૂછ્યું, 'અલ્યા ! આ શું માંગે છે ? કંઈક ધન માંગ-જમીન માંગ. છેવટે તારા મોટાભાઈની જેમ ભેંસ તો માંગી લે...'

'ના બાપુ ! મારે તો વપરાતાં ખૂટે નહિ તેવી બુદ્ધિ જોઈએ છે. અક્કલ હશે તો સૌ કોઈ પૂછતું આવશે. મારે અક્કલ જોઈએ છે. કોઈ લૂંટી ન લે. કોઈ ભાગ પણ ન પડાવી શકે. રાજા પણ મારી પાસેથી જે લઈ ન શકે તે અક્કલ-બુદ્ધિ જ મને આપો. નાનાએ હવે અક્કલ માટે આગ્રહ કર્યો.'

'ઠીક છે.' રાજાએ કહ્યું, 'ચાલો મારી સાથે. મારા રાજ્યમાં હું તમને માંગેલી વસ્તુઓ આપી દઈશ.'

અને રાજાએ મોટાને એક અલમસ્ત કાળી ભેંસ આપી. નાનાને પંડિત બનાવવા એક શાળામાં દાખલ કર્યો. ઉપરાંત બે પંડિતોને પણ અભ્યાસ કરાવવા રોક્યા.

દિવસો ઝડપથી પસાર થવા લાગ્યા. મોટો ભેંસનું દૂધ-ઘી-દહીં ખાઈને આબાદ બન્યો છે. તેનું કુટુંબ પણ ઠીક ઠીક સમૃદ્ધ થયું છે. નાનું મકાન પણ હવે તેની માલિકીનું બન્યું છે. ગામમાં લોકો મોટાની વાહવાહ કરવા લાગ્યા કે રાજાની આપેલી ભેંસે પટેલની ગરીબીને મારી હટાવી છે. ખરેખર મોટો સમૃદ્ધ અને ન્યાલ બની ગયો છે.

નાનો ભાઈ હજુ અભ્યાસ પાછળ જ મંડ્યો રહ્યો હતો. તેને શિક્ષણની એવી તો લગની લાગી હતી કે પરણવાનું પણ તે નામ દેતો નહિ. ખાવાનું મળે તો ઠીક છે નહિ તો ફાકા. પણ અભ્યાસ વગર ચેન ન પડે. દિવસો જતાં એ મોટો વિદ્વાન બની ગયો. ગામગામમાં હવે તેની પંડિતાઈ-વિદ્વત્તાનાં વખાણ થવા લાગ્યાં.

અચાનક ગામમાં દુકાળ પડ્યો. ઢોરઢાંખર મરવા લાગ્યાં. ઝાડ-પાન સુકાવા લાગ્યાં. કૂવાઓમાંથી-વાવમાંથી પાણી પણ સુકાઈ ગયાં. વરસાદનું નામનિશાન પણ નહોતું, એક છાંટો પણ પડતો દેખાતો નહોતો.

આ ભયાનક દુકાળમાં મોટાની અલમસ્ત માતેલી કાળી ભેંસ મરણ પામી. દૂધ મળતું અટકી ગયું. બીજાં ઢોર હતાં તે પણ આ દુકાળમાં મરણ પામ્યાં. તેનું કુટુંબ અન્ન-દૂધ-દહીં વગર ભૂખે મરવા લાગ્યું.

પંડિત બનેલા ભાઈને કોઈ ચિંતા નહોતી. તે તો ગયો પરગામમાં. અહીં એની વિદ્વત્તા પંકાઈ. તેની અક્કલનાં વખાણ થવા લાગ્યાં. લોકો તેની સલાહ લેવા આવવા લાગ્યા. દરબારમાં

પણ તેની બુદ્ધિની પ્રશંસા થવા લાગી. રાજાએ તેને ઇજ્જત સાથે પોતાના દરબારમાં બોલાવ્યા અને તેને મુખ્ય કારભારીની જગ્યા આપી.

પટેલ હવે ઇજ્જતવાળો બની ગયો. રાજ્યમાં મોટી નોકરી મળી એટલે પાંચ માણસમાં તે પુછાતો થયો. તેને માટે કન્યાઓ આવવા લાગી. એ પરણ્યો પણ ખરો. પોતાના ગામમાં તેણે એક સુંદર હવેલી પણ બંધાવી. વાર-તહેવારે એ ગામમાં આવવા પણ લાગ્યો.

એક દિવસ અચાનક જ પાસેના ગામના રાજવી આ ગામમાં આવી ચઢ્યા. ગામમાં આવ્યા એટલે તેમને જૂની વાતનું સ્મરણ થઈ આવ્યું. સ્વાભાવિક જ તેમના મનમાં કુતૂહલ થયું, પેલા બે છોકરાઓ કેમ છે ? કેવા છે ?

અને પૂછતાં પૂછતાં તેઓ મોટાના ઘર આગળ આવી ચઢ્યા. 'કેમ, પટેલ કેમ છો ? ભેંસ બરાબર દૂધ આપે છે ને ?'

મોટાએ રાજાને ઓળખી કાઢ્યા. હાથ જોડી કહ્યું, 'મહારાજ ! હું તો દુઃખમાં આવી પડ્યો છું. દુકાળ આવ્યો અને એમાં ભેંસ મરણ પામી. આજે છોકરાં દૂધ-દહીં વગર રખડે છે. મને શું સૂઝ્યું કે મેં ભેંસ માંગી... જમીન-જાગીર માંગી હોત તો આજે ભૂખે મરવાનો વારો આવ્યો નહોત...'

'અને નાનો શું કરે છે ?' રાજાએ હવે નાનાની વાત જાણવા આતુરતા બતાવી.

'અક્કલ-બુદ્ધિથી લીલાલહેર કરે છે. પેલી હવેલી જોઈને ? એ એની કમાણીની છે. રાજ્યમાં મોટી નોકરીએ છે. રાજકાજમાં પણ તેની જ સલાહ લેવાય છે.'

મલકતાં મલકતાં રાજાએ મૂછે હાથ ફેરવવા માંડ્યો.

એટલામાં તો નાનાને ખબર પડી કે રાજાસાહેબ આવ્યા છે એટલે દોડતો દોડતો આવ્યો અને રાજાના ચરણોમાં પડ્યો.

રાજાએ તેને હેતથી છાતીએ વળગાડ્યો. પૂછ્યું, 'પટેલ ! સુખી છો ને ?'

'હા-બાપજી...'

રાજાએ પ્રશ્ન કર્યો, 'હવે કહો-અક્કલ બડી કે ભેંસ...?'

નાનો તો મૌન રહ્યો. પણ મોટાએ કહી દીધું : 'મહારાજ ! અક્કલ જ મોટી છે. ભેંસ તો મરી પણ જાય, જ્યારે અક્કલ તો વપરાતાં પણ વધે છે. ખૂટતી જ નથી... અક્કલ મોટી છે, ભેંસ નહિ.'